આકાશવાણી ભુજ

સમાચાર વાચક : તૌફીક સમા

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **11-05-2024** સમય : સવારે **6.50** વાગ્યે

------------------------------------------------------------

## <u>લોકસભા ચૂંટણી પ્રચાર</u>

લોકસભા ચૂંટણીનાં ચોથા તબક્કાનાં પ્રચાર માટે આજે અંતિમ દિવસ છે ત્યારે ટોચનાં રાજકીય પક્ષોનાં નેતાઓએ ગઈકાલે જાહેરસભાઓ સંબોધી હતી અને રોડ શો કર્યા હતા. પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ તેલંગાણાના નારાયણપેટ અને હૈદરાબાદ ખાતે જાહેરસભાઓ સંબોધી હતી.

મહારાષ્ટ્રના નંદુરબાર ખાતે જાહેર સભાને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, એનડીએ સરકારે દેશનાં આદિવાસી વિસ્તારોમાં પાકા ઘરો, વીજળી, નળ અને ગેસનાં જોડાણ સહિતની સુવિધાઓ પૂરી પાડી છે.

દરમિયાન, ઉત્તરપ્રદેશમાં ગઈકાલે ટોચનાં નેતાઓ દ્વારા ઉમેદવારી પત્રો ભરવામાં આવ્યા હતા અને પૂરજોશમાં પ્રચાર કરવામાં આવ્યો હતો. સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ અને કોંગ્રેસ

નેતા રાહુલ ગાંધીએ રાજ્યમાં સંયુક્ત રીતે રેલીને સંબોધન કર્યું હતું. બંને નેતાઓએ કનૌજમાં ચૂંટણી સભાને સંબોધતા ભાજપ સામે આક્ષેપ કર્યા હતા. બંનેએ કાનપુર જિલ્લામાં પણ સંયુક્ત રીતે જાહેર સભાને સંબોધન કર્યું હતું.

**RNU અમદાવાદ**

---

## ધો.10 નું રિઝલ્ટ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ 2024માં લેવાયેલી ધોરણ-10 ની પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવશે.

આ પરીક્ષાનું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઇટ www.gseb.org પર આજે સવારના 08 વાગ્યે જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ તેઓનું પરિણામ પરીક્ષાનો બેઠક નંબર ભરીને મેળવી શકશે. વિદ્યાર્થીઓ WhatsApp Number 6357300971 પર પણ પોતાનો બેઠક નંબર મોકલીને પરિણામ મેળવી શકશે.

**RNU અમદાવાદ**

---

## સહકારી સંસ્થા ઇફકોના ચેરમેન

ભારતની સૌથી મોટી ખેડૂત સહકારી સંસ્થા ઇફ્કોના ચેરમેન પદે સહકારી નેતા દિલીપ સંઘાણી ફરી એકવાર બિનહરિફ ચૂંટાઈ આવ્યા છે. નવી દિલ્હીમાં ઇફ્કોના વડામથક ખાતે ગઈકાલે યોજાયેલી ચૂંટણીમાં વાઈસ ચેરમેન તરીકે બલવિંદરસિંહની વરણી થઈ છે.

ઈફકોના ડિરેકટર પદની યોજાયેલી ચૂંટણી માં ભાજપના જ બે ઉમેદવારો બિપિન પટેલ અને જયેશ રાદડિયા વચ્ચેની સ્પર્ધામાં જયેશ રાદડિયાનો બહુમતીથી વિજય થયો હતો. જયેશ રાદડિયા હાલ રાજકોટની જેતપુર બેઠક પરથી ભાજપના ધારાસભ્ય છે. આ ઉપરાંત તેઓ રાજકોટ જિલ્લા સહકારી બેંકના ચેરમેન છે.

**RNU અમદાવાદ**

--------------------------------------------------------------------------

## IPL ક્રિકેટ

ગુજરાત ટાઇટન્સ ટીમે ચેનઇ સુપર કિંગ ટીમને 35 રને પરાજિત કરી નોંધપાત્ર સફળતા મેળવી હતી. અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતેની મેચમાં ગુજરાતની ટીમે 3 વિકેટ ગુમાવી 231 રન કર્યા હતા. ટીમના આરંભિક ખેલાડીઓ શુભમન ગિલ અને સાઈ સુદર્શન બન્નેએ સદી નોંધાવી હતી. વળતા જવાબમાં ચેનઇની ટીમ 8 વિકેટ ગુમાવી 196 રન કરી શકી હતી.

**ચંદ્રવદન પટ્ટણી**

--------------------------------------------------------------------------

## હવામાન

કચ્છમાં તાપમાનમાં આંશીક પારો ઘટવા છતાયે ગરમીનું પ્રમાણ યથાવત રહ્યું હતું. ગઇકાલે ભુજમાં 37.5 ડિગ્રી, ગાંધીધામ અને આદિપુરનું તાપમાન 39 ડિગ્રી, નલિયા 35 અને કંડલા પોર્ટનું 36.5 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. દરમિયાન હવામાન વિભાગે આજથી રાજ્યના અનેક જીલ્લાઓમાં પ્રિમોન્સૂન એક્ટિવિટી શરુ થવાની સંભાવના વ્યક્ત કરી છે. આજથી 13મી મે સુધી રાજ્યના છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદ વરસી શકે છે.

**N.P. તૌફીક સમા**

------------------------------------------------------------------------

## બોક્સિંગ સ્પર્ધા

તાજેતરમાં કઝાકિસ્તાનના અસ્થાના ખાતે રમાયેલી એશિયન યુથ ગેમ્સ સ્પર્ધામાં ગુજરાતની યાત્રી પટેલે બોક્સિંગમાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. યાત્રી પટેલ 57 કિલો વજન ગ્રુપમાં કાંસ્ય ચંદ્રક મેળવી ગુજરતાની પ્રથમ બોક્સર બની છે.

**RNU અમદાવાદ**

------------------------------------------------------------------------

## પુન : મતદાન દાહોદ

દાહોદ લોકસભા બેઠકમાં આવેલા સંતરામપુર તાલુકાના પરથમપુરા મતદાન કેન્દ્રમાં આજે સવારે 7 વાગ્યાથી 6 વાગ્યા સુધી પુન: મતદાન યોજાશે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------

## ચારધામ યાત્રાધામ પ્રારંભ

ચારધામ યાત્રાનો ગઇકાલથી પ્રારંભ થયો છે. ઉત્તરાખંડમાં વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધમ કેદારનાથ, ગંગોત્રી અને યમનોત્રીના કપાટ ગઇકાલે શ્રદ્ધાળુઓ માટે ખોલવામાં આવ્યા છે. આ શુભ પ્રસંગે ત્રણેય યાત્રાધામોને ફુલોથી સજાવવામાં આવ્યા છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ તેમની પત્ની સાથે દર્શન કર્યા હતા.

ચાર ધામ યાત્રા માટે અત્યાર સુધી 22 લાખથી વધુ શ્રદ્ધાળુઓ નોંધણી કરાવી ચૂક્યા છે. યમનોત્રી માટે ત્રણ લાખ 44 હજારથી વધુ અને ગંગોત્રી માટે લગભગ ત્રણ લાખ 92 હજાર શ્રદ્ધાળુઓએ નોંધણી કરાવી છે. કેદારનાથ ધામ માટે સાત લાખ આઠ હજારથી વધુ અને બદ્રીનાથ ધામ માટે લગભગ છ લાખ 60 હજારથી વધુ શ્રદ્ધાળુઓએ નોંધણી કરાવી છે.

જાગૃતી વકીલ

-----------------------------------------------------------------------